# તથાસ્તુ -- ગુજરાતી વાર્તાઓ



## વ્રજેશ દવે “વેદ”

**Short stories in Gujarati by Vrajesh Dave “Ved”**

નામ – વ્રજેશ શશિકાંત દવે “વેદ”

એડ્રેસ- A / 252, આમ્રકુંજ એપાર્ટમેંટ , સોનલ ચાર રસ્તા ,

ગુરુકુળ રોડ , સુભાષ ચોક પાસે ,

મેમનગર, અમદાવાદ – 380052

ફોન –0091 94260 41107

ઇ મેઇલ – dave.vrajesh@gmail.com



પરિચય –

જન્મ – દ્વારકામાં , જન્મ તારીખ – 23/10/1964

અભ્યાસ – મેટ્રિક સુધી દ્વારકામાં, 11- 12 મીઠાપુર હાઇસ્કૂલમાં

કોલેજ – રાજકોટ અને અમદાવાદમા

B. Sc. , LL.B., CAIIB, MBA

હાલનો વ્યવસાય – દેના બેન્ક માં ચીફ મેનેજર

અન્ય પ્રવૃતિઓ – વકતૃત્વ, નાટ્ય લેખન, ચેસ , સંગીત અને રખડવું

**Kept blank**

# 1. આ વમળોનું શું ?

અજયે પોતાના જમણા હાથમાં એક પથ્થર લીધો અને હિમાલયની પહાડીઓમાં થઈનેસંગીત ની સુરાવલીઓની જેમ એકધારા વહેતા ઝરણાંના નીચે પડીને શાંત થયેલ પાણીમાં ફેંકવા હાથ ઊંચો કર્યો. તમામ શક્તિ, તમામ ઝનૂન હાથના ખભામાં કેન્દ્રિત કરીને હાથના પથ્થરને પાણીમાં નાંખી તેમાં વમળો ઉત્પન્ન કરવાના ઇરાદાથી તેણે હાથને 45 ડિગ્રી પીઠની પાછળ લીધો. અને પથ્થર ફેંકવા જેવો આગળ લાવવા ગયો, ત્યાંજ આનંદે અજયના હાથને પાછળથી પકડી લીધો.

આનંદની પકડમાં વધુ જોશ હતું કે પછી અજયને ખબર હતી કે આનંદ તેને આમ પથ્થર ફેંકતા રોકશે જ, ગમે તે કારણ હોય પણ અજય નો હાથ અટકી ગયો. અજયે પાછળ ફરીને આનંદ ની સાથે નજર મિલાવી. બન્નેએ સ્મિતની આપલે કરી. આંખોથી કઇંક વાતો થઈ.

અચાનક જ આનંદે પોતાની પકડ ઢીલી કરી. આંખના ઇશારાથી પથ્થર ફેંકવાની જાણે મૂક્સંમતિ આપી હોય તેમ અજયે હાથ છોડાવી લીધો. પૂરી તાકાતથી પેલા પથ્થરને પેલા શાંત વહેતા પાણીમાં ફેંકી દીધો.

તેના ફેંકવામાં એટલી શક્તિ હતી કે જાણે તે પોતાની અંદર ચાલી રહેલી ઉથલપાથલ ને એક ઝાટકે પોતાની અંદરથી કાઢીને બહાર ફેંકી દેવા માંગતો હોય.,ખાલી થઈ જવા માંગતો હોય.

પેલો પથ્થર , પાણી માં જઇ પડ્યો અને શાંત પાણી માં અસંખ્ય વમળો પેદા થઈ ગયા. અજય તે વમળોને જોઈ રહ્યો.

વમળો ક્ષણ વારમાં જ ફરીને શાંત થઈ ગયા . ફરીથી બધું જ શાંત થઈ ગયું. એજ ધૈર્યથીઝરણાં વહેવાં લાગ્યાં. પાણી તેની ગહનતા , વિશાળતામાં પુનઃ શોભવા લાગ્યું. પણ એ તો પાણીના વમળો ! જેને ઉઠતા પણ વાર ના લાગે અને શમતા પણ વાર ના લાગે . પણ માનવ મનમાં કે હૃદયમાં ઉઠતાં વમળો તે આમ શાંત થોડા થઈ જાય છે ?

અજયની પણ એજ હાલત હતી.

મનની અંદર , હૃદયની અંદર કશુંક ખળભળતું હતું. જે અનેક તરંગોને– વમળોને ઉત્પન્ન કરતું હતું. પૂરી તાકાતથી પથ્થર ફેંકીને મનના એ વમળોને બહાર ફેંકવાની કોશિશ હંમેશા નિષ્ફળ રહેતી. એથી ઉલ્ટા

વમળો વધુ ને વધુ મનને ખૂંચવા લાગતા. એટ્લે જ આનંદ તેના હાથને રોકતો પણ પછી મૂક સમ્મતિ પણ આપી દેતો.

છેલ્લા પાંચ છ માસથી આ દ્રશ્ય હૂં લગભગ રોજ જોઉ છું.

હિમાલયની ઉત્તુંગ પહાડીઓ વચ્ચે દેહરાદુન ના મારા અસ્થાયી નિવાસની બહાર રોજ્સાંજે હું કુદરતના સાન્નિધ્ય માં ખોવાઈ જાઉં છું ત્યારે ઘરનીસામે જ થોડી દૂર પર વહેતા ઝરણાઓની સાથે અજય અને આનંદની આ રમતને રોજ નિહાળું છુ .

અજય અને આનંદ , દેહરાદુન ની પેટ્રોલિયમ યુનિવર્સિટિ ના એંજીન્યરિંગ ના પ્રથમ વર્ષના વિધ્યાર્થીઓ ! કોલેજમાંથી સમય મળતાંજ રોજ સાંજે બંને પેલા દૂર વહેતા ઝરણા પર આવીને બેસી જતાં.

બંન્ને હમેશા સાથે જ જોવા મળે , પણ તદ્દન વિપરીત વ્યક્તિત્વ અને સ્વભાવનાએ બંને !

અજય ! ખૂબ જ ચંચલ ! સદાય તરવરાટ સાથે હરતો ફરતો. પાણી સાથે જાણે ગયા જન્મનું કોઈ વેર હોય તેમ, તેમાં પથ્થર નાંખ્યા જ કરે અને શાંત પાણીને અપસેટ કરતો રહે.

આનંદ , શાંત અને ધૈર્યવાન ! ખૂબ જ ગંભીર બની આકાશ પર્વત, વાદળો, બરફ , ઝરણાં ને નિહાળ્યા કરે. વહેતા પાણીને સ્પર્શવાનો પણ પ્રયાસ ના કરે. કદાચ એને ડર હશે કે પાણીને અડવાથી તેના કુદરતી સુંદર્યનો કૌમાર્ય ભંગ તો નહીં થઈ જાય ને ! અને તે માટે તે પોતાના પર કોઈ આરોપ કે દોષ લેવા લગીરે તૈયાર જ નહીં.

તેમને જોઈને તો એમ જ લાગે કે બંને જન્મથી જ આવા હશે. એકવહેતું ઝરણું તો બીજો પહાડ પર યુગોથી સ્થિર થયેલ બરફ.

મેં પણ એમ જ ધારી લીધેલું જ્યારે મેં તેમને ગયા ઓગસ્ટ માસમાં પહેલી વાર જોયા હતા .

મને તેમના વિરોધાભાસી વ્યક્તિત્વમાં રસ પડ્યો હતો અને તેથી જ તેમની જોડે દોસ્તી કરવાનો ઇરાદો લઈ હૂં પહોંચી ગયો હતો તેમની પાસે અને કરી લીધી દોસ્તી – પાકી દોસ્તી.

મેં તેમના વિષે જાણવાનો પ્રયાસ કર્યો તો ખબર પડી કે મારી ધારણા તદ્દન ખોટી છે . .

અજય ભારતના પશ્ચિમ છેડે આવેલ દ્વારકા નો વાતની. દરિયા પ્રત્યે વહેતા પાણી પ્રત્યે જન્મજાત પ્રેમ ! ભણવામાં હોંશિયાર. વાંચન લેખન પણ ખૂબ જ ગમે મૂળ સ્વભાવ શાંત અને સાલસ . હિમાલય ને અનેક

પુસ્તકોમાં માણ્યો અને ટીવી અને ઇન્ટરનેટ પર નિહાળ્યો હતો એટ્લે હિમાલય પ્રત્યેનું આકર્ષણ પણ ગજબનું ! હિમાલયને રૂબરૂ અનુભવવા માટે તો દેહરાદુનની આ કોલેજ પસંદકરી હતી. હિમાલયને મળવાનું છે, તેની સાથે રહેવાનુ છે તે જાણી ને તેની અંદર થી ખુશીનો ધોધ વહેવા લાગ્યો. વર્ષોથી શાંત અને સાલસ સ્વભાવની તેની છબી કોઈએ પથ્થર મારી કાચ તોડી નાંખ્યો હોય અને કાચ ના ચૂરેચૂરા થઈ જાય તેમ પળવારમાં તૂટી ગઈ – વિખરાઈ ગઈ. ચંચળતા , યૌવન અને નટખટપણું ક્યાંથી આવીને તેના વ્યક્તિત્વનો એક ભાગ બની ગયા તેની તેને પણ ખબર ના રહી !

હિમાલય ના પ્રેમ માં તે સાવ બદલાઈ ગયો. શાંત થીજેલો બરફ ધસમસતું ઝરણું બનીને વહેવા લાગ્યો.

આનંદ નું પણ કઈક આવુંજ . દક્ષિણ ભારતના શહેર કાલિકટ નો વતની એ. દરિયાની દોસ્તી એને પણ જન્મથી જ મળેલી . જન્મથી જ અત્યંત ચંચલ ચપળ.! અભ્યાસમાં તેજ તો અન્ય પ્રવૃતિમાં પણ નંબર વન ! તેના પરાક્રમો શહેર આખામાં જાણીતા. તોફાનો ખૂબ કરે પણ કોઈને નુકશાન કરવાનો ક્યારેય ઇરાદો નહી. વાંચન પણ ખૂબ ગમે. તેને પણ હિમાલય એટલો જ ગમે. હિમાલયની વિશાળતા, તેની સ્થિર પહાડીઓ પરનો બરફ, ગંગાની પવિત્રતા, વહેતા ઝરણાં વગેરેએ તેના મનમાં અડિંગો જમાવી દીધેલ. હિમાલય નો સંગાથ મળવાનો છે એ જાણીને તોફાની, ચંચલ આનંદ તેના શરીર ને છોડીને ક્યાંય ગાયબ થઈ ગયો અને એક ધીર ગંભીર , ઠરેલ આનંદનો જન્મ થયો.

હિમાલય – છે તો એકજ , પણ તેનો પ્રભાવ કેવો અલગ અલગ ! માણસના વ્યક્તિત્વને કેવો બદલી નાંખે છે – પળવારમાં !

વ્યક્તિત્વના સામસામા છેડા જેવા અજય અને આનંદ ભેગા થઈ ગયા દેહરાદુનમાં. એકદિવસમાં તો બની ગયા અતૂટ ભાઈબંધ. દોસ્તી તો હ્રદય થી થાય અને બંનેના હ્રદયમાં વસે છે દરિયો અને હિમાલય ! એટ્લે તો બંને વિપરીત સ્વભાવના માણસો પણ બની ગયા પાકા દોસ્ત.

મને તેઓનું આમ રોજ આવવું ગમવા લાગ્યું. હુંએન્વાયરમેન્ટ એંજીન્યરિંગનો સંશોધક અને એ પેટ્રોલિયમ એંજિનયરિંગના વિધ્યાર્થીઓ . દોસ્તી થતાં જ અમારા વચ્ચે ઉમર અને વ્યક્તિત્વની સીમાઓ ઓગળી ગઈ. મારા અને એમના વચ્ચે ખાસ્સા 15 વર્ષનો તફાવત. પણ દોસ્તીમાં એવું કઈ નડયું જ નહીં. એ જ તો મજા છે દોસ્તીની 1 કોઇની સાથે કરી તો જુઓ .

સંવાદનો નિયમ છે કે તમારે યોગ્ય સંવાદ કરવો હોય તો સંવાદને સ્વીકારનારવ્યક્તિની ઊંચાઈ સુધી, તેના સ્તર સુધી જવું પડે. જો સ્વીકારનાર અને આપનાર એકજ સ્તર પર,એકજ ઊંચાઈ પર હોય તો બાકીની તમામ દીવાલો ખરી પડે છે અને વહે છે માત્ર નિર્મળસંવાદ !

અમને ત્રણેયને ગમવા લાગ્યું એકબીજાનું સાનિધ્ય, જેમાં હિમાલય, ગંગા, દરિયો, મશીનો , ખેલકૂદ, રાજકારણ, અર્થવ્યવસ્થા, જેવા અનેક વિષયો દેહરૂપ લઈને શામેલ થઈ જતાં અમારી ગોઠડીમાં. અમારી વાતો થતી કોઈ પણ દંભ વિના, આવૃત વિના. હૃદયને અનાવૃત કરવું અમારા માટે સહજ થઈ ગયું.

કદાચ, દોસ્તીની આ જ  હશે પરમ સીમા. જેની સામે , જેની સાથે  મનના બધાજ પડળ ખોલીને અનાવૃત થઈ જવાનું મન  થાય એનું નામ દોસ્ત !

જોત જોતામાં શિયાળો બેસી ગયો. કેટલોય બરફ વર્ષી ગયો.જાન્યુઆરી મહિનો પૂરો થવા આવ્યો. મારા પ્રોજેક્ટને પૂરો થવામાં બે જ મહિના બાકી રહ્યાં હતા. હૂँ તેને સમેટવાના કામમાં ગળાડૂબ થઈ ગયો. એક દિવસ અચાનક મારા ઇ-મેઇલ ના ઇન બોક્સ માં એક મેઇલ આવ્યો. આસામ ના ગૌહાટીશહેરની એક કોલેજના પ્રિન્સિપાલ ડો બરૂઆનો હતો એ.

“ મિ. પ્રશાંત , તમારા   એનવાયરોનમેંટ ઍંજિનયરિંગના પ્રોજેકટ વિષે ઇન્ટરનેટ દ્વારા માહિતી મળેલ છે. અમો ખુબજ પ્રભાવિત છીએ. આથી તમારા પ્રોજેક્ટને જાણવા-સમજવા અમારી કોલેજના ચુનંદા વિધ્યાર્થીઓને પ્રોજેકટ ટુર પર આપની પાસે દેહરાદુન મોકલવા માંગીએ છીએ. જો આપને અનુકૂળ હોય તો સંમતિ મોકલશો.”

ઇ-મેઇલ વાંચી હું તો ખૂબ ઉત્સાહિત થઈ ગયો. રોમાંચિત પણ ! દેશના કોઈક ખૂણે મારાકાર્યની નોંધ લેવાઈ રહી છે -  એ જાણીને.

મેં આ વાત અજય અને આનંદ ને કરી. વાત સાંભળતાં જ અજયે ઈમેલને રિપ્લાય પણ કરી દીધો“ । confirm, please send full details with suitable dates.”

મારા માટે કોઈ અવકાશ જ  ન હતો. ફેબ્રુઆરીના બીજા અઠવાડિયે તો 26 વિધ્યાર્થીઓ આવી ગયા દેહરાદુનમાં અમારા અતિથિ બનીને. એ ગ્રુપ માં છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા વધુ હતી. મને આનંદ થયો તેઓની પર્યાવરણ પ્રત્યેની જાગરુકતા જોઈને.

તે ગ્રૂપ ચાર દિવસ રોકાયું. મારા પ્રોજેક્ટના તમામ પાસાઓ ની વિસ્તૃત માહિતીલઈ , સંતુષ્ટ થઈને પરત ગૌહાટી રવાના પણ થઈ ગયું આ ચાર દિવસ અજય અને આનંદનો મને પૂરો સાથ સહકાર મળ્યો. મિશન ક્યારે અને કેટલી સરળતાથી સંપન્ન થઈ ગયું તેની મને તેઓએ ખબર પણ ન પડવા દીધી.

દોસ્તો સાથે હોય તો દરેક વાત પ્રસંગ બની જાય !

પ્રસંગ પતિ ગયો હતો. ચાર દિવસની દોડધામ બાદ આજે આરામનો મૂડ હતો. સાંજ પણ પડી ગઈ હતી. હું મારા રૂમ ની બહાર આવીને બેઠો. રોજની જેમ અજય અને આનંદના આવવાનીપ્રતિક્ષા કરવા લાગ્યો.

થોડી વારમાંજ નિત્યક્રમ પ્રમાણે તેઓને આવતાં જોયા. એજ ઝરણું અને એ બંને.!

અજયે રોજની જેમ નીચા નમી જમણા હાથમાંપથ્થર લીધો. હમણાંજ હાથ ઊંચો થશે અને પાણીમાં પથ્થર મારવા જશે, રોજની જેમ આનંદ તેને રોકવા પ્રયત્ન કરશે. અજય પાછું વળી જોશે. આનંદ સાથે આંખ મળતાજ સ્મિત કરશે. આંખોથી જ મૌન વાત થશે અને પછી આનંદની મૂક સંમતિ મળતા જ પેલો પથ્થર અજયના હાથમાંથી છૂટી વહેતા પાણીમાં પડશે... વમળો ઉઠશે ...અને શાંત થઈ જશે . ...

પણ , મારી ધરણાં આજ સાવ ખોટી પડી-પહેલી વાર !

અજયના હાથમાં પથ્થર તો છે પણ તેના હાથમાં પેલો જુસ્સો, પેલું ઝનૂન , પેલો ઉત્સાહ ક્યાંય નથી. તેની ચાલમાં પણ નરમાશ છે.

યંત્રવત તેણે હાથ ઊંચો તો કર્યો પણ તેમાં ક્યાય પથ્થરને ફેંકવાની ઈચ્છા દેખાતી નથી. તેણે તેનો હાથ એમજ હવામાં ઊંચો કરી રાખ્યો છે – એ અપેક્ષાએ કે આનંદ આજે પણ તેનો હાથ પકડીને તેને પથ્થર ફેંકતા રોકે. તેણે મનસૂબો કરી લીધો કે જેવો આનંદ તેના હાથને રોકે કે તરતજ પથ્થર છોડી દેવો.

આજે નથી ફેંકવો પથ્થર પેલા શાંત પાણીમાં !ખૂબ વમળો પેદા કર્યા છે અને શાંત પાણીને કેટલી તકલીફ દીધી છે- કોઈ હિસાબ જ નથી. પણ હવે બસ. નથી જ ફેંકવો પથ્થર

પણ આનંદે જરાય પણ પ્રયાસ ના કર્યો અજયના ઊંચા થયેલ હાથને રોકવાનો. અજયથી રહેવાયું નહીં. તેણે પાછળ ફરી આનંદ તરફ દ્રષ્ટિ કરી.

આનંદ દૂર ઊભો હતો. તેના હાથમાં એક પથ્થર હતો. આનંદે તેનો જમણો હાથ ઊંચો કરી પૂરા ઝનૂન સાથે પથ્થર ફેંકી દીધો પાણીમાં ! હાથ કોઈ પણ હોય, પાણીના ભાગ્યમાં તો વમળો જ લખાયેલ છે  હું અને અજય જોતાં રહ્યા પાણીમાં ઉત્પન્ન થયેલા વમળોને !

કેવો વિપરીત સંયોગ છે !

આજે અજય શાંત  અને આનંદ ચંચળ બની ગયો.

હજુ કઈ વધુ સમજાય તે પહેલાં તો આનંદે બીજા બે ચાર પથ્થર ફેંકી દીધાઅને પાણીમાં વમળોની હારમાળા સર્જાવા લાગી – મારા મનમાં પણ !

આનંદે પથ્થર ફેંકવા ફરી હાથ ઊંચો કર્યો. આ વખતે અજય દોડી ગયો, પકડી લીધો આનંદના હાથને. આનંદે અજય સાથે આંખ મિલાવી, સ્મિતની સાથે આંખોથી ઇશારાઓની આપ-લે થઈ અજયે હાથ છોડી દીધો આનંદનો, ... અને........ પથ્થર ફરી સર્જવા લાગ્યો વમળોને !

મારા માટે આ તદ્દન અનપેક્ષિત હતું.  અજય અને આનંદના વ્યક્તિત્વની અદલા બદલી થઈ ગઈ. મારા માટે આ નવું હતું- સમજની બહાર હતું.

બંને એકબીજાની સામે જોવા લાગ્યા અને પછી મન મૂકીને ખડખડાટ હસવા લાગ્યા.

અચાનક જ બંને ગંભીર બની ગયાં વ્યક્તિત્વમાં પળવારમાં જ આવેલ પરીવર્તન તેઓને દિલથી ગમવા લાગ્યું પણ મન બેચેન બની ગયું. જાણે કઈંક ખૂટતું હોય, કઈંક ખૂંચતું હોય તેવો અનુભવ કરવા લાગ્યા. મને તો મનથી પણ અને દિલથી પણ આ પરિવર્તન અજાણ્યું લાગવા માંડ્યુ.

હું દોડી ગયો તેમની પાસે. બંને ની આંખો મારી આંખમાંરહેલાં આશ્ચર્ય ને જોતી રહી. જયારે મને તેઓની આંખમાં અજાણ્યા પ્રશ્નની આકૃતિ સ્પષ્ટ દેખાવા લગી.

પળવારમાં એ આકૃતિ શબ્દ બનીને તેઓના મુખ વાટેસરી પડી., “ પ્રેમ થઈ જાય તે માણસ કેવો બની જાય?”

ક્ષણાર્ધમા જ મને સમજાઈ ગયું કે બંને ને પ્રેમ થઈ ગયો છે. પણ કોની સાથે.?

મારા મનમાં અનેક વિકલ્પો આવવા લાગ્યાં ... કદાચ કોલેજની કોઈ છોકરી જોડે........

કશુંય સમજાય તે  પહેલાં તો આનંદના મોબાઇલમા ઘંટડી વાગી. ગૌહાટીથી હતો એ કોલ . આનંદે કોલ રિસીવ કર્યો. સામે છેડેથી યુવતીનો અવાજ સંભળાયો. આનંદ સંકોચ સાથે વાત કરવાનો પ્રયાસ કરતો રહ્યો. …… સામે છેડેથી ફોન કપાઈ ગયો.

અજયે એક વખત પોતાના મોબાઇલની સ્ક્રીન પર જોઈ લીધું કોઈ કોલ ન હતો પણ તેની આંખમાં કોઈ પ્રતિક્ષા સ્પષ્ટ દેખાતી હતી.

મને સમજાઈ ગયું કે ગૌહાટીથી આવેલ કોલેજ કન્યાઓમાંથી કોઈ યુવતીઓએ બને પર પ્રેમનો જાદુ કરી દીધો છે.

મારૂ મન પુનઃ પેલા પૂછાંયેલા સવાલના જવાબને શોધવા મથી રહ્યું.

" પ્રેમ થઈ જાય તે માણસ કેવો બની જાય?"

મારા મનોપટલ પરથી છેલ્લાં સાત - આઠ માસમાં અજય– આનંદ સાથે વિતાવેલી ક્ષણો મુંબઈની ધસમસતી લોકલ ટ્રેનની જેમ પસાર થઈ ગઈ. મને જવાબ મળી ગયો.

મેં બંને ની સામે જોયું. હજુ પણ બંનેની આંખમાં એજ પ્રશ્ન ડોકયા કરતો હતો.

"પ્રેમ થઈ જાય તે માણસ કેવો બની જાય?"

મેં જવાબ આપવા માંડ્યો, " જેને શુદ્ધ પ્રેમ થઈ જાય તે માણસ નિર્વિકાર થઈ જાય ……બધાં જઆવરણો ખરી પડે અને માણસ ઓરિજનલ બની જાય…."

મારો જવાબ તેઓને સમજાયો નહિં કે તેઓની અપેક્ષા જુદી હશે તેઓ મને અન્યમનસ્ક નજરે જોઈ રહયાં, હું તેઓને તાકી રહ્યો.

કેટલીક ક્ષણો વિતી ગઈ. ----  એમ જ.

અજયે મૌન તોડ્યું," શું પ્રેમ  આપણી  અંદરના વમળોને શમાવી દે છે? અંદરના ખળભળાટને શાંત કરી દે છે?"

કોઈ જવાબ મારા મનમાં આવે તે પહેલાં તો આનંદ બોલી ઉઠ્યો, " શું પ્રેમ આપણી અંદર વમળો પેદા કરે છે? આપણને અંદરથી હચમચાવી નાંખે છે?"

બંને નો પ્રશ્ન સ્પષ્ટ હતો – પ્રેમ વમળો પેદા કરે છે કે વમળોને શાંત કરે છે? અંદરનું બધુ શાંત કરે છે કે નવું તોફાન જગાવી હ્રદયને ખળભળાંવી નાંખે છે? .........

હું નિરુત્તર બની જોતો રહ્યો દૂર થીજી ગયેલા બરફના પહાડોને...........મારી પાસે એનો કોઈ જવાબ ન હતો.....

આપની પાસે છે?

**********

# 2. એ કોણ ?

સૂમસામ હાઇવે પર તેની કાર ક્યાંક પહોંચવાની એને ઉતાવળ હોય એરીતે સડસડાટ જઈ રહી હતી. તે ડ્રાઇવિંગ સીટ પર બેઠી હતી . બાજુમાં કે પાછળની સીટ પર કોઈ જ ન હતું .

સવારના છઃ વાગ્યાની આસપાસનું પ્રભાત, ખાલીખમ હાઇવે પર એકલ દોકલ ભટકાઈ જતાં વાહનો, અષાઢી આકાશ, લહેરાતો મીઠો-ભીનો-માદક પવન ! તેણે કારનું એસી બંધ કરી દીધું . આગળ ની બારી ના બન્ને કાચ ખોલી નાંખ્યા .

પેલો માદક પવન તેના વાળ ને રમાડવા લાગ્યો. તેના ગલ પર પવન નું કામણ થયું. સમગ્ર શરીરમાં અનામ પ્રવાહ વહેવા લાગ્યો.

તેણે બારી બહાર નજર કરી. આકાશમાં દૂર દૂર કાળા વાદળો અને સંતાકૂકડી રમતો સૂરજ ગમવા લાગ્યો. અચાનક તેની નજર કારના speedo meter પર પડી. કાંટો કારની ગતિ 110 ની બતાવતો હતો . કારની ગતિ ને ચકાસવા તેણે બારી બહાર ફરી નજર કરી. તેને કારની ગતિ ઘણી વધારે લાગી.

આટલી ઝડપે મારે કયાઁ પહોંચવું છે? શેની ઉતાવળ છે મને ? શા માટે હૂઁ આટલી ગતિ થી ડ્રાઇવ કરું છું? બહારનું આકાશ તેને લલચાવી રહ્યું હતું – ક્ષણભર રોકાઈ જવા માટે !

તેણે ગાડીની ગતિ ધીમી કરી નાંખી. મનમાં નક્કી કરી લીધું કે આ સુંદર સવારને માણવા ગાડી ધીમી જ ચલાવીશ. હવે ગાડી 40 – 45 ની ગતિએ આગળ સરકી રહી હતી. કુદરતને ઘડી બે ઘડી માણવાનો કેવો ઉત્તમ અવસર ! જાણે કશુંક મનગમતું મળી ગયાનો અહેસાસ !

તેણે દૂર સુધી વિસ્તરેલા ક્ષિતિજ ને નજરથી માપવાની અને નજરથી જ ત્યાં પહોંચવાની ચેષ્ટા કરી. બંનેમાં તેને નિષ્ફળતા મળી. પોતાની નિષ્ફળતા પર હસવું આવી ગયું તેને . આ નિષ્ફળતા પણ તેને ગમી. તેને પહેલીવાર નિષ્ફળતાના આનંદની સંવેદના સ્પર્શી ગઇ.

આકાશ વાદળોથી હજુ પણ શ્યામ હતું. આજે આકાશ કદાચ કોઈ સંકેત આપી રહ્યું હતું. મારે વરસવું છે અનરાધાર સમય ને ભૂલીને ભીંજવી દેવું છે ધરતીનું સર્વસ્વ .

“હે વરસાદ, તું વરસને એવો !” મનોમન તેનાથી વરસાદને અરજી થઈ ગઈ.

તેના મનમાં વિચારો આવવા લાગ્યા– આમ અચાનક કઈ થોડો વરસી પડે આ વરસાદ? બસ, સ્વિચ ઓન કરો અને વહેવા લાગે અને ઓફ કરો એટ્લે સ્ટોપ. કોઈવિશાળ બંગલામાં વહેતા કૃત્રિમ ઝરણાં જેવુ વરસાદને કઈ નહીં હો !

એ તો વરસે એની મરજી થી અને અટકે તોય એની મરજી થી.

તો?

વરસાદની મરજી ક્યારે થાય? દૂર કોઈ મોર ટહૂક્યો. કદાચ કોઈ ખૂબ તરસ્યું થાય અને પેલા મોરની જેમ તેને પ્રેમ ભર્યા સ્વરે પોકારે તો, તો.....

તો તેને દયા આવે અને તેની પ્યાસ બૂઝાવવા તે વરસી પડે .

કદાચ !

તેના મુખમાંથી કાવ્ય પંક્તિ બનીને અનાયાસ વરસી પડ્યા આ શબ્દો–

કોઇની અનરાધાર તરસ વરસે

વાદળ ત્યાં વરસવાને તરસે

પોતાની જ પંક્તિ પર તે ખુશ થઈ ગઈ. તેણે પોતાની જાતને શાબાશી આપી. કવિસંમેલનમા વ્યક્ત થતાં કવિની અદામાં ફરી એક વાર એ જ પંક્તિઓને દોહરાવવા માંડી. તેનામાં તાજું જ જન્મેલું કવિત્વ તેને સ્પર્શી ગયું.

આકાશમાં કાળા વાદળો તો હજુય દૂર દૂર ક્ષિતિજમાં હતા. પણ તેની અસર તેના મન અને હ્રદય પર અહીં પણ છવાઈ હતી. તેને વાદળ પર કવિતા કરવાનું મન થવા લાગ્યું . વરસાદ પર કશુક કહેવાનું એકલા એકલા બોલવાનું, ખુલીને નાચી ઉઠવાનું મન થયું.

વરસાદને જોઇને કોણ જાણે કેમ આપણે સૌ કવિ બની જતાં હોઈએ છીએ ! તરત જ આપણને ભાન થવા લાગે છે કે આપણામાં પણ એક “ કાલિદાસ” વસે છે. ને પછી શબ્દોને ગોઠવી કવિતા કરવાનો ઉન્માદ જાગે છે.... પણ . . . . .

આપણને વાસ્તવિકતા સમજાય ત્યાં તો વાદળો વિખરાઈ જાય છે . કવિતા કરવાનું પણ ભુલાઈ જાય છે અને આપણે પાછા કેવા "સામાન્ય માણસ" બની જઈએ છીએ ! પણ પેલી વ્યક્તિ "સામાન્ય માણસ" બનવાના મૂડમાં જરાય નહોતી.

તેણે કારની મ્યુઝિક સિસ્ટમ ઓન કરી. જગજીતસિંહ ના અવાજમાં નિદદા ફાજલી ના શબ્દો વહેવા લાગ્યા

બરસાતકા બદલ તો દિવાના હૈ ક્યા જાને

કિસ રાહસે બચના હૈ કિસ છતકો ભીગોના હૈ

ધરતીની પ્યાસ વધુ કે વાદળની દિવાનગી? શા માટે આટલી તીવ્રતા હશે વાદળોના વરસવામાં? ભીંજાવા માટે ધરતી પ્યાસી છે કે વરસવા માટે વાદળ પ્યાસું છે?

બધા જ ધરતી ની પ્યાસને સમજે છે પણ છ્લકવા ચાહતા વાદળની વેદનાને કેમ કોઈ નથી સમજતું તેના હ્રદયમાં કેટકેટલો વરસાદ ભર્યો હશે -- ઠસોઠસ ! અને તેનો ભાર વેંઢારવો અસહ્ય બન્યો હશે ત્યારે તો તે વરસવાને આતુર બનતો હશે ને? કેટલો લાચાર હશે તે ? ધરતી ની પ્યાસ ભલે જગત આખું સમજે..... પણ મારે તો સમજવી છે જાણવી છે, માણવી છે --- વાદળની વેદના ને ! બનવું છે વાદળના હમદર્દ.

માણસ પણ કેટકેટલું પોતાના હ્રદયમાં ભરીને બેસે છે ! અને એમ કાઇ થોડો વરસવા લાગે છે ગમે ત્યારે ગમે તેની સામે ? હ્રદયની વેદના અસહ્ય બને.. ભાર વધી જાય અને ત્યારે જો કોઈ સુપાત્ર મળી જાય તો જ માનવીનું મન, હ્રદય વરસે છે છલકાતી લાગણીઓથી !

વાદળોનું પણ દોસ્ત કઈક આવુ જ . ગમે ત્યાં ને ગમે ત્યારે ન વરસે હો !

પણ આજ વરસાદને વરસવાનું મન થયું હતું. વાદળ લાચાર બની ગયું હતું. બસ તૂટી જ પડવું હતું એને .

દૂર દૂર થી વાદળો તેના ગર્ભમાં છુપાવેલા વરસાદને લઈને વધુ ને વધુ નજીક આવવા લાગ્યા. જાણે કે તે પેલી વ્યક્તિને જ મળવા આવતા ના હોય !

તેનણે કારને રોકી દીધી. એંજિન બંધ કરી કારનો દરવાજો ખોલી ખુલ્લા રસ્તાની વિશાળતામાં ઓતપ્રોત થઈ ગઈ. દૂરની ભીની સુગંધને શ્વાસમાં ભરી લીધી. તેની અંદર કશુક પાંગર્યું .

હજુ પણ રસ્તા પરની જિંદગી જાગી નહોતી. એકલ દોકલ આવન જાવન સિવાયબધુજ ખાલીખમ્મ .

તે દૂરથી આવનારા વાદળોની પ્રતિક્ષા કરવા લાગી. આજે પલળવું જ છે:—પૂરે પૂરું. આ અવસરને નથી ગુમાવવો આજે . લગભગ ૩ વર્ષ બાદ આજે આવી છે આ ક્ષણ ! આજે ચૂક્યા તો કોને ખબર ફરી ક્યારે આવા વાદળો બંધાય ?

ત્રણ વર્ષ ! ઓહ .. આ ત્રણ વર્ષમાં ક્યારેય પેલા વાદળ કે વરસાદને ભુલાવી શકાયું છે?

"ના, ના. " તેણે પોતાની જાતને જ જવાબ આપ્યો.

એ ક્ષણનો વરસાદ આજે ય કોરા રહી જવાના રંજથી ભીંજવે છે. એક એક કોરી ક્ષણોએ વરસાદ પ્રત્યેની લાગણીને સુકાવા નથી દીધી. ઊલટાની તેણે લાગણીઓને વધુ તીવ્ર તીક્ષ્ણ બનાવી છે.

****

તે દિવસે લગભગ આવા  જ કોઈ રસ્તા પર આમ  જ એ સડસડાટ કાર હંકારી રહી હતી. વરસાદ મૌજથી વરસતો હતો. ઠંડી હવામાં વરસતા બિંદુઓ કોઈ વક્ર આકાર રચી રહ્યા હતા. કારની અંદર તેના શરીર પર ટાઇટ સૂટ , બુટ અને ટાઈ તેના પદની ગરિમા કહેતા હતા તો બહાર વરસતો વરસાદ તેને સાવ સાદા માનવ બની જવા લલચાવતો હતો, આમંત્રી રહ્યો હતો. શરીર પરના વસ્ત્રો, તેનો હોદો તેને રોકી રહ્યા હતા.

હૃદયબાળક બની દોડી રહ્યું હતું ભીના ભીના રસ્તા પર. તાજા વરસેલાં પાણીમાં છબછબિયાં કરતું હતું . અને હોદ્દાની ગરીમા રોકતી હતી.

બંને વચ્ચે જબરદસ્ત ઘર્ષણ શરૂ થયું.

"ચાલ, બાળક બનીને બિન્દાસ્ત નીકળી પડું કારની બહાર ..... મન ભરીને વરસાદ સાથે નાચવા લાગુ ...".

મન મોર કળા કરવા લાગ્યો.

"તું એક ઉદ્યોગપતિ છે. બે કલાક બાદ અગત્યની બિઝનેસ મિટિંગ છે. મિટિંગમાં આમ ભીના સૂટ-બૂટ માં જઈશ ? અને મિટિંગમાં લેટ પડીશ તો? મોટો સોદો હાથમાથી નીકળી જશે તો ?"

" બિઝનેસની તો ખબર નથી પણ ... આ .. વરસાદ તો જરૂર નીકળી જશે હાથમાંથી..."

“વરસાદ તો આમ જ વરસ્યા કરે છે હમેશા. કાલે ફરી વરસશે... ત્યારે માણી લેજે ને એને ! પણ આ મિટિંગ ફરી .... “

મનનો આ સંઘર્ષ આગળચાલે એ પહેલા જ તેનું ધ્યાન રસ્તા પરની હલચલ પર પડ્યું. નજીકના કોઈ ગામની હોય એવી ચાર કન્યાઓ વરસતા વરસાદમાં અલ્લડ બનીને ભીંજાઇ રહી હતી ..

તેણે અચાનક જ કારને બ્રેક મારી. કાર ઊભી રહી ગઈ !

તેની નજર પેલી કન્યાઓને વરસાદી નૃત્ય કરતાં જોઈ રહી. તેને પણ મન થયું દોડી જઇ તેઓની સાથે નાચવાનું . પણ, ફરી એ જ -- મન અને હૃદય ની કશ્મ-કશ !

આમ જ કેટલીય ક્ષણો વિતી ગઈ. તે એકધારી નજરે જોતી રહી પેલી નિષ્ફિકર્ અલ્લડ ગામડાની કન્યાઓને .

આજ પહેલી વાર તેને તેના સ્ટેટસ કે ઉજળા વસ્ત્રો પર મિથ્યાભિમાન ન થયું . ઊલટું ગુસ્સો આવ્યો.

છતાય સમાજના મોભા, કિમતી વસ્ત્રો વગેરેની સામે અલ્લડ, નિર્દોષ અને બિન્દાસ્ત હૃદય હારી ગયું.!

તે બસ કારમાં બેસીને નિહાળી રહી કન્યાઓ અને વરસાદની રમતોને.

કેવી સદનસીબ છે એ કન્યાઓ !વરસાદમાં ન્હાતી, રમતી, મસ્તી કરતી , પરમ આનંદ પામતી, જીવનની ક્ષણોને માણતી એ કન્યાઓ ! કોઈ પણ શૃંગાર વિના જ જોનારના મનમાં શૃંગાર રસ જન્માવતી તેની અદાઓ ! તેની મુગ્ધતા ! વરસાદ સાથેનો તેનો રોમાન્સ !

વરસાદ પણ જાણે તેનો પ્રેમી હોય તેમ - ખાસ તેને જ મળવા, પલાળવા આવ્યો હોય એમ કેવો આલિંગન આપે છે? જરૂર તેઓ એકબીજાના પ્રેમમાં હશે.

કન્યાઓની માદક અદાઓ તેને આકર્ષવા લાગી . તેને મન થયું કે દોડીને જોડાઈ જાઉં તેઓની જોડે. તેણે મનમાં નિશ્ચય કરી લીધો કે આજ હૃદયને હારવા તો નથી જ દેવું. ... ચાલ નીકળી પડું.

તેણે બુટ, મોજા, કોટ, ટાઈ વગેરે કાઢી નાંખ્યા. કારનું એંજિન બંધ કરી દરવાજો ખોલી બહાર આવી ગઈ.

ઉઘાડા પગે તે ચાલવા લાગી પેલી કન્યાઓ તરફ. વરસાદની આછેરી છલક તેના શરીરને સ્પર્શવા લાગી . તેને આ સ્પર્શ ગમવા લાગ્યો. તેનું માન અધીર હતું પેલી કન્યાઓની જોડે પહોંચવા . તેણે ઉઘાડા પગે દોટ મૂકી.

પગને અનાવૃત થઈ દોડવાની આદત જ કયાઁ હતી? બાળપણમાં ઉઘાડા પગે નીકળી પડવું કેવું સહજ હતું ? આજે અનાવૃત પગને સંભાળવામાં તકલીફ પડવા લાગી. તેને અહેસાસ થવા લાગ્યો કે સમય જતા બાળપણની સાથે સહજતા પણ ક્યાંય અલોપ થઈ જાય છે ! કેટકેટલી સાહજીક આદતો સમયના પડળમાં વિસરાઈ જાય છે !

પગમાં પીડા થવા લાગી. પીડા તરફ ધ્યાન જતાં જ વરસાદના સ્પર્શનો આનંદ ભુલાઈ ગયો. છતાય તે ચાલતી રહી કન્યાઓને મળવા માટે. પહોંચી ગઈ તેઓની પાસે.

પણ આ શું ? કયાઁ ગઈ કન્યાઓ? એ તો નૃત્ય બંધ કરીને ચાલવા લાગી હતી. તેઓનું નૃત્ય હવે તેઓની ચાલમાં ધબકતું હતું. !

પેલો વરસાદ, પેલું નૃત્ય, પેલી મસ્તી, બધુ જ શાંત થઈ ગયું. વરસાદ પણ બંધ થઈ ગયો. આકાશમાં વાદળોએ જગ્યા બદલી નાંખી હતી. તેઓ હાથતાળી આપી આગળ નીકળી ગયા હતા. માથા પરનું આભ સાવ કોરું થઈ ગયું હતું . જાણે ક્ષણભરમાં તો દ્રશ્ય બદલાઈ ગયું ! બચીગયું હતું તો માત્ર પેલી કન્યાઓની ચાલમાંનું કામણ !

કન્યાઓની નજર પેલી વ્યક્તિ પર પડી. ક્ષણભરમાં તો તે સભાન થઈ ગઈ. તેઓને એમ હતું કે તેને કોઈ નથી જોઈ રહ્યું આમ વરસાદમાં નાચતા ! પણ ચોરી પકડાઈ ગઈ હોય તેમ સભાન થઈ ગઈ.

પણ, એ તો ક્ષણ ભર જ. ફરી પેલી અલ્લહડતા તેઓના ચહેરાઓ પર આવી ગઈ. ખડખડાટ હસી પડી એ બધી જ. તેના હાસ્યમાં પણ તેના પ્રેમી જેવા વરસાદની ભીનાશ મહેકતી હતી. શરીર પરના કપડાં હજુ પણ ભીના જ હતા. ગાલો પર ભીની લટો કામુક નૃત્ય કરતી હતી. તેઓની આંખમાંથી અજબ ચમક અને આનંદ ઝરણ બનીને વહેવા લાગ્યા. પેલી વ્યક્તિ કન્યાઓનાં નૈસર્ગિક સૌંદર્યમાં તણાવા લાગી......

"તમારે વરસતા વરસાદમાં ન્હાવું હતું" એક કન્યાએ પૂછી જ લીધું. તે સફાળી જાગૃત થઈ ગઈ.

" હા.. હા.. મારે તમારી સાથે જ વરસાદમાં ન્હાવું હતું . નૃત્ય કરવું હતુંમસ્તી કરવી હતી. પરમ આનંદ માણવો હતો. પણ .."

## Thank You for previewing this eBook

You can read the full version of this eBook in different formats:

- HTML (Free /Available to everyone)
- PDF / TXT (Available to V.I.P. members. Free Standard members can access up to 5 PDF/TXT eBooks per month each month)
- Epub & Mobipocket (Exclusive to V.I.P. members)

To download this full book, simply select the format you desire below

Free-eBooks.net